# મહાનગર સેવા સદન- જામનગર

વ.ગ. -૨૦૨૭

શહેર વહીવટીતંત્ર જામનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શહેરના તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે કે ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી રાષ્ટ્રીય જનગણના પ્રક્રિયા અંતર્ગત રાજ્યમાં જનગણના 2027ની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે. જનગણના એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્ય છે, જેના દ્વારા વસ્તી, સામાજિક, આર્થિક તથા આવાસ સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવે છે, જે વિવિધ કલ્યાણકારી યોજનાઓ તથા વિકાસકાર્યોના આયોજન અને અમલીકરણ માટે ઉપયોગી બને છે.

જનગણના કાર્યક્રમ અંતર્ગત સ્વ-ગણના (Self Enumeration) ની સુવિધા **17 મે, 2026 થી 31 મે, 2026** સુધી ઉપલબ્ધ રહેશે, જેના દ્વારા નાગરિકો નિર્ધારિત સ્વગણના પોર્ટલ (se.census.gov.in) પર પોતાની માહિતી સ્વયં નોંધાવી શકશે. ત્યારબાદ હાઉસ લિસ્ટિંગ ઓપરેશન (HLO) ની કામગીરી **01 જૂન, 2026 થી 30 જૂન, 2026** દરમિયાન હાથ ધરવામાં આવશે, જેમાં જનગણના કર્મચારીઓ ઘર-ઘર જઈ માહિતી એકત્રિત કરશે.

શહેરના તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યમાં સક્રિય સહભાગી બને અને સાચી તથા સંપૂર્ણ માહિતી આપે. જનગણના અંતર્ગત પ્રાપ્ત થતી તમામ માહિતી જનગણના અધિનિયમ મુજબ સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે અને તેનો ઉપયોગ માત્ર આંકડાકીય તથા વિકાસલક્ષી હેતુઓ માટે જ કરવામાં આવે છે.

બે તબક્કામાં વસ્તી ગણતરી ની કામગીરી કરવાની રહેશે. પ્રથમ તબક્કામાં એટલે કે ૧ જુન થી ઘરયાદી અને સ્થળ સ્થિતી દર્શાવતા બ્લોક પ્લાન (લેઆઉટ પ્લાન) જેમાં નગરજનો પાસેથી તેમના નિવાસ સ્થાને જઈ માત્ર મુખ્ય મોભીનું નામ અને ઘરના સભ્યોની વિગતની માહિતી લેવામાં આવશે અને કોઈ પણ પ્રકારના આધારો કે બીજી વિગતો લેવામાં આવશે નહી. આ સમગ્ર પ્રકરણમાં વસ્તી ગણતરીમાં નિમણુક પામેલ ગણતરીદારો ઘરે માહિતી લેવા આવે ત્યારે કોઈ પણ પ્રકારના OTP જનરેટ નઈ થાય કે OTP આપવાનો થશે નહિ જે દરેક નગરજનો ને ધ્યાને લેવા વિંનતી.

જામનગર મહાનગરપાલિકાના તમામ નાગરિકોને અનુરોધ કરે છે કે તેઓ જનગણના અધિકારીઓ અને કર્મચારીઓને સંપૂર્ણ સહકાર આપે અને જનગણના 2027ને સફળ બનાવવા માટે પોતાનું યોગદાન આપે તેવી અપીલ કરવામાં આવે છે.